
પ્રકરણ

# ૩

# હું પરમાત્મા છું

## સિદ્ધાંત હૃદયગત થવા માટેની પાત્રતા



### ◆ પ્રકરણની રૂપરેખા


❖ **પ્રાસ્તાવિક**

❖ **૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા**

૧. સંસારનો ખરેખરો ત્રાસ

૨. પરની તુચ્છતા

૩. સ્વભાવનો મહિમા

૪. સ્વભાવ - સન્મુખતાનો પુરુષાર્થ

❖ **૨. તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઇચ્છનીય યોગ્યતા**

૧. સત્પુરુષનાં ચરણનો ઇચ્છુક

૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી

૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર

૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર

૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર

૭. એકાંતવાસને વખાણનાર

૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી

૯. આહાર, વિહાર, નિહારનો નિયમી

૧૦. પોતાની ગુરુત્તા દબાવનાર

❖ **ઉપસંહાર**

**પ્રકરણ : ૩**

## ‘હું પરમાત્મા છું’


### હૃદયગત થવા માટેની પાત્રતા માટે જરૂરી

### જયસેનાચાર્યકૃત

# પરમાત્મ–ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું; હું નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ - સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે **સ્વસંવેદ્ય** (પોતાથી વેદાવાયોગ્ય) – **ગમ્ય** (જણાવાયોગ્ય) – **પ્રાપ્ય** (પ્રાપ્ત થવા યોગ્ય) – **એવો ભરિતાવસ્થ** (-ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણ સ્વરૂપ) **છું.**

હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમ જ દૃષ્ટ-શ્રુત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય ઈત્યાદિ સર્વ વિભાવ પરિણામરહિત શૂન્ય છું.




ત્રણે લોકમાં, ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે - એમ મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

(સમયસારની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકાનાં સ્યાદ્વવાદ અધિકાર નામનાં પરિશિષ્ટમાંથી)

જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.

(સમયસાર : ગાથા ૩૨૦ ની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાંથી)



(આર્યા)

ये भवदुःखेभ्यः भीताः पदं इच्छन्ति निवार्णम्; ।
ईह परमात्मप्रकाशकस्य ते परं योग्या विजानीहि ॥

ये परमात्मनो भक्तिपराः विषयान न येऽपि रमन्ते ।
ते परमात्मप्रकाशकस्य मुनिवरा योग्या भवन्ति ॥

ज्ञानविचक्षणः शुद्धमना यो जन ईदशः कश्चिदपि।
तं परमात्मप्रकाशकस्य योग्यं भणन्ति ये योगिनः ॥

**ભાવાર્થ: તેઓ જ વ્યવહારથી આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથના અભ્યાસને અને પરમાર્થથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેના યોગ્ય છે એમ જાણો કે જેઓ ૧. ભવનાાા દુ:ખોથી ભયભીત હોય, ૨. મોક્ષપદના ઈચ્છુક હોય, ૩. પરમાત્માની ભક્તિમાં પરાયણ હોય, ૪. વિષયોથી વિરક્ત હોય, ૫. જ્ઞાનમાં વિચક્ષણ હોય અને ૬. શુદ્ધ મનવાળા હોય.**

(પરમાત્મપ્રકાશ : અધિકાર ૨ : દોહા ૨૦૭-૮-૯)

'पात्रम् आयाति संपद् ।' એ સૂત્ર અનુસાર યોગ્ય પાત્રમાં સઘળી સંપદાઓ આપમેળે આવી મળે છે. જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થવા માટે કેટલીક પાત્રતા કે યોગ્યતાની આવશ્યકતા હોય છે. પાત્રતા હોય તો સિદ્ધાંતો સહજપણે હૃદયગત થાય છે. સિંહણનું દૂધ ગમે તે પાત્રમાં સાચવી શકાતું નથી પણ માત્ર સોનાનાં પાત્રમાં સાચવી શકાય છે; તેમ જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો ગમે તે હૃદયગત કરી શકતો નથી પણ અમૂક પાત્રતા ધરાવનારો જ હૃદયગત કરી શકે છે. આ પાત્રતા પૈકી કેટલીક અનિવાર્યપણે આવશ્યક હોય છે અને કેટલીક ઈચ્છનીય હોય છે.

ઉપરોક્ત દોહાઓમાં આચાર્યશ્રી યોગીન્દુદેવના જણાવ્યા અનુસાર પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે અને તેના આધારે પોતાના પરમાત્મસ્વભાવનો પ્રકાશ કરવા માટે એટલે કે '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે કેટલીક પાત્રતા કે યોગ્યતા જરુરી હોય છે તેમાં સૌ પ્રથમ યોગ્યતામાં નાસ્તિથી ભવથી ભયભીતપણું અને અસ્તિથી મોક્ષની અભિલાષા છે. કોઈ પણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આ બન્ને યોગ્યતાઓ એકદમ અનિવાર્ય છે. અહીં દર્શાવેલી સંસારનો ખરેખરો ત્રાસ નામની સૌ પ્રથમ અનિવાર્ય આવશ્યકતામાં આ બન્નેનો સમાવેશ થઈ જાય છે. આ સિવાયની બાકીની ચાર આવશ્યકતાઓ ઉપરોકત દોહાઓમાં દર્શાવેલી છે તે ઈચ્છનીય પ્રકારની યોગ્યતાઓ છે. અહીં આપણે ઈચ્છનીય યોગ્યતાના જે દસ મુદ્દાઓ આપેલા છે તેમાં પ્રથમ ચારમાં આ ચારનો સમાવેશ થઈ જાય છે તે આ રીતે —

સત્પુરુષના ચરણનો ઈચ્છુક હોય તે પરમાત્માની ભક્તિમાં તત્પર હોય, સદૈવ સુક્ષ્મ બોધનો અભિલાષી હોય તે જ્ઞાનમાં વિચક્ષણ પણ હોય, ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનારો હોય તે શુદ્ધ મનવાળો પણ હોય અને બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન હોય તે વિષયોથી વિરક્તતા રાખનારો હોય જ છે.



તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને હૃદયગત કરવા માટેની પાત્રતા કે યોગ્યતાને અનિવાર્ય અને ઈચ્છનીય એમ બે વિભાગમાં બતાવી તે દરેકની ચર્ચા કરવામાં આવશે. આ બે વિભાગ નીચે મુજબ છે.

૧. **તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા**
૨. **તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા**

## ૧. તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા

જેના વગર તત્ત્વનાં સિદ્ધાંતો કોઈ પણ સંજોગોમાં ક્યારેય પણ હૃદયગત ન થઈ શકે તેવી યોગ્યતાને અનિવાર્ય માનવામાં આવે છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અનુસાર આવી યોગ્યતા નીચે મુજબ છે.



**૧.૧. સંસારનો ખરેખરો ત્રાસ**
**૧.૨. પરની તુચ્છતા**
**૧.૩. સ્વભાવનો મહિમા**
**૧.૪. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ**

ઉપરોક્ત બાબતોની ચર્ચા આ નીચે કરવામાં આવે છે તેમાં સૌ પ્રથમ જે તે બાબતની વ્યાખ્યા, ત્યાર પછી તેની સમજૂતી અને અંતમાં પ્રસ્તુત સિદ્ધાંત 'હું પરમાત્મા છું' ને હૃદયગત કરવા માટે તેની અનિવાર્યતા બતાવવામાં આવશે.

### ૧.૧. સંસારનો ખરેખરો ત્રાસ

**સાંસારિક સુવિધાઓ અને સગવડતાઓમાં પણ જેને સુખ નહિ પણ દુઃખ જ ભાસે તેને સંસારનો ખરેખરો ત્રાસ કહેવાય છે.**

સંસારની પ્રતિકૂળતામાં દરેક જીવને ત્રાસ લાગે છે પણ સાનુકૂળતામાં પણ ત્રાસ લાગે તો તે સંસારનો ખરેખરો ત્રાસ કહી શકાય. સંસારનો ખરેખરો ત્રાસ હોય તેને સંસારની સંપદાઓમાં પણ સુખ ભાસતું નથી. તેને સમગ્ર સંસાર દુઃખનો જ દાવાનળ ભાસે છે. સંસારથી થાકી ગયેલા, હારી ગયેલા આવા જીવને આ સંસારથી બસ થાઓ, તે કોઈ પણ પ્રકારે ન ખપે તેવી અંતરના ઊંડાણપૂર્વકની ભાવના હોય છે. અને તે માટે સંસારનો અભાવ કરાવનાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની અદમ્ય ઉત્કંઠા હોય છે. વધુમાં આ બાબત નીચેના દૃષ્ટાંત-સિદ્ધાંતના આધારે સમજાવવામાં આવે છે.

